सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ: ૧૭ | જાન્યુઆરી ૧૯૯૭ | અંક: ૩

## વાલીઓને ......

### શાળાનો ૭૫ મો સ્થાપના દિન

આ સદીના બીજા દાયકા સુધી બાળકેળવણી અંગેની જાગૃતિ સમાજમાં નહિવત્ હતી. મેડમ મોન્ટેસરીના વિચારો તામિલનાડુથી ગુજરાતમાં ઠીક ઠીક વહેલા આવ્યા તે આપણું સદ્‌ભાગ્ય. ગુજરાત વિચારો ઝીલવામાં સંવેદનશીલ રહયું છે. અને ગાંધીજીની શરૂઆતની કર્મભૂમિ ગુજરાત હોવાથી તેને વિચારોનો ઠીક ઠીક ખૂલતો અવકાશ મળ્યો છે. સમગ્ર દેશમાંથી લોકનેતાઓનો પ્રવાહ ગુજરાતમાં આવતાં તેનો લાભ ગુજરાતને સહેજે મળ્યો.

બાળકેળવણીના બીજ ગુજરાતમાં રોપવામાં શ્રી ગિજુભાઈ અને દક્ષિણામૂર્તિ મોખરે રહયાં. માધ્યમિક કક્ષાનું કામ છોડીને શ્રી ગિજુભાઈએ બાળકેળવણીનું કામ સંભાળી લીધું તે આપણું સદ્‌ભાગ્ય.

મુ.શ્રી ભોગીભાઈ અને મુ.શ્રી સવિતાબેને શ્રી ચંદુભાઈ દવે સાથે મળીને શારદામંદિરની સ્થાપના આજથી સાત દાયકા પહેલાં કરી. માત્ર ચાર પાંચ બાળકોથી સંસ્થા ઉભી થઈ. દિવસ હતો શ્રાવણ સુદ સાતમ ( વર્ષ ૧૯૨૪ )

વ્યકિતના જીવનની માફક સંસ્થાઓને પણ તડકી છાંયડી જોવાની આવે છે. બાલમંદિર, હોસ્ટેલવાળી માધ્યમિક શાળા, ત્યાર પછી માત્ર પ્રાથમિક શાળા એમ ઘણાં સ્વરૂપોમાંથી સંસ્થા પસાર થઈ. માધ્યમિક વિભાગ બંધ થતાં મુ.શ્રી ચંદુભાઈ દવે પછાત ગ્રામવિસ્તારની જાફરાબાદની શાળામાં જોડાયા. મુ.શ્રી ભોગીભાઈ અને મુ.શ્રી સવિતાબેને સંસ્થાનું સુકાન મુ.શ્રી વજુભાઈ દવેને સોંપ્યું. માત્ર બાલમંદિર અને પ્રાથમિક વિભાગ તરીકે સંસ્થા પાંગરી ન શકે તેવું જણાતા અને ૧૯૪૭માં સ્વતંત્રતા પ્રાપ્ત થતાં સરકારી અભિગમ પણ સંસ્થાઓના વિકાસ માટેનો રહયો તે સ્પષ્ટ જણાતું હતું. આથી માધ્યમિક વિભાગ પણ ફરીથી ખૂલ્યો.

માત્ર અભ્યાસના ક્ષેત્રે નહીં પણ પ્રવાસો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, રમતગમત એમ વિવિધ ક્ષેત્રે, ગુજરાતી માધ્યમ હોવા છતાં - સંસ્થા સમગ્ર ગુજરાતમાં નમૂનેદાર બની છે. આવતી શ્રાવણસુદ સાતમ તેનો ૭૪મો સ્થાપનાદિન છે. ત્યારથી લઈને ૭૫મા સ્થાપનાદિનના પૂરા વર્ષના ગાળામા સંસ્થા શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન વિચારે છે.

સૌ વાલીઓને આમાં સહભાગી થવા અને સંસ્થાને વધુ ઉચ્ચસ્તરે લઈ જવાનાં પ્રયત્નોમાં સહકાર આપવા વિનંતી છે.

ઈન્દુભાઈ દવેનાં
વંદન

## અનેક પણ એક

રંગ અનેક પણ,
    પ્રકાશ કિરણ એક જ,
સંખ્યા અનેક પણ,
    ગણિત એક જ.

પ્રદેશ અનેક પણ,
    ભારતદેશ એક જ.
બોલી અનેક પણ,
    રાષ્ટ્રભાષા એક જ
પહેરવેશ અનેક પણ,
    માનવજાત એક જ.
ઘડાનાં રૂપ અનેક પણ,
    માટી તો એક જ.

ધર્મસ્થાનો અનેક પણ,
    તેમાં બિરાજતા દેવ એક જ.
ઈશ્વરનાં રૂપ અનેક પણ,
    ઈશ્વર તો એક જ.
ધર્મો ભલે અનેક પણ
    ધર્મનો સાર તો એક જ.

ડિંગિશા કાયસ્થ ( ૮ બ )

## મા

માનવજાતિના હોઠ પરનો સૌથી સુંદર શબ્દ છે મા;
અને સહુથી સુંદર સાદ કોઈ હોય તો તે સાદ છે
'મારી મા '.

એ એક એવો શબ્દ છે, જે આશા અને પ્રેમથી
ભરેલો છે, એક મધુર અને માયાળુ શબ્દ, જે
હૃદયનાં ઊંડાણમાંથી આવે છે.

મા સઘળું છે - શોકમાં તે આપણું આશ્વાસન છે.
દુઃખમાં તે આપણી આશા છે, દુર્બળતામાં તે આપણી
શકિત છે. તે પ્રેમ, કરુણા, સહાનુભૂતિ અને
ક્ષમાશીલતાનો ઝરો છે.

મા, જે સઘળાં અસ્તિત્વોનું પ્રારંભિક રૂપ છે તે
અનંત આત્મા છે, સૌંદર્ય અને પ્રેમથી પૂર્ણ..

ખલિલ જિબ્રાન

## " ગણવેશ મુક્તિ ?"

" મમ્મી, ઓ મમ્મી આજે હું કયું ફ્રોક પહેરીને સ્કુલે જાઉં? કહેને મમ્મી! પેલું પીન્ક ફ્રોક પહેરું ? ઝુલઝુલવાળું કેવું સરસ ફ્રોક છે ! એ પહેરું છું ને ત્યારે હું પરી જેવી લાગું છું નહીં મમ્મી ? "

" પણ બેટા ! એ ફ્રોક તો ખૂબ મોંઘુ છે. પાર્ટીમાં જવા માટે એ સિવડાવ્યું છે, કંઈ સ્કુલમાં એ પહેરીને જવાય ?

પણ નિકિતાની તો જીદ એ ફ્રોક માટે જ હોય. ગુરુવાર આવે ને છોકરાઓની આ ધમાલ શરુ થાય. ' આજે તો ફ્રી ડ્રેસનો દિવસ , શું પહેરીને સ્કુલમાં જાઉં ! તેની મથામણ સવારથી થતી હોય.

" એક નૂર આદમી હજાર નૂર કપડાં " એ વાત સાવ સાચી છે ને તેમાં ય નાના બાળકોને તો સરસ મજાનાં નવા નવા કપડાં પહેરવા ગમે તે સાહજીક છે. સારા દેખાવું કોને ન ગમે ! ને એ ગુરુવારે એવા સરસ રંગબેરંગી કપડાંઓમાં બાળકો પણ એવા ફૂલગુલાબી ને મીઠાં લાગે છે , તેમની મસ્તી જોઈ ઘડીભર આપણું ય મન પ્રસન્ન થઈ જાય છે.

પણ આ જ છોકરાંઓ થોડાં મોટા થાય છે ને વાતાવરણમાં ફેરફાર જોવા મળે છે. ગુરુવારને દિવસે માધ્યમિક સ્કુલના કેટલાક વિદ્યાર્થી ભાઈઓ ને બહેનો એવા જોવા મળે કે કયારેક તેમને પાસે બોલાવી કહેવું પડે , " આવા કપડાં પહેરીને સ્કુલમાં ન અવાય ..." ટી.વી. અને ચલચિત્રોનું પ્રદૂષણ ચારે બાજુ ફરી વળ્યું છે, ને તેમાં વળી પશ્ચિમી સંસ્કૃતિની અસર... પણ ભારતીય સંસ્કૃતિ એ આગવી સંસ્કૃતિ છે. તેમાં પોષાક એ અંગરક્ષાનું કે શરીર ઢાંકવાનું કામ તો કરે જ છે પણ તે સાથે માણસનાં આખા વ્યકિતત્વને પણ તે પ્રતિબિંબિત કરે છે. મર્યાદાશીલ અને સુરુચિપૂર્ણ પોષાક માણસની સંસ્કૃતિ.અને વ્યકિતત્વને મહેંકાવે છે જ્યારે અંગ ઉપાંગોને ઉપસાવતાં ચૂસ્ત અને ટૂંકા પોષાકો માણસનાં મનમાં રહેલી વિકૃતિને બહેકાવે છે. હજી તો કૌમાર્ય અવસ્થાને ઉંબરે પગ મૂકતાં આ વિદ્યાર્થીઓને આ બધાનો કયાંથી ખ્યાલ હોય ! એ તો આંધળા અનુકરણમાં જ રાચે .... અને એટલે ટી.વી. અને ચલચિત્રો પ્રમાણે પોષાક પસંદ કરે પણ માબાપની એ ફરજ બની રહે છે કે તેમની સુરુચિ સાંસ્કારિક પોષાક માટે કેળવાય તેવું વાતાવરણ અને માર્ગદર્શન પૂરું પાડે.

ગરબાની પ્રેકટીસ કરવા અંકિતા આવી હતી... બરમુડા પહેરીને, નીચા નમવાની એકશન, બેસવાનાં સ્ટેપ, સામે સંગીતકારો હોય. આ ડ્રેસમાં તે વળી ગરબાની પ્રેકટીસ થાય ! મારે તેને ગરબાની પ્રેકટીસ માટે ના કહેવી પડી. .... ખરેખર એ ખ્યાલ તેના મમ્મીને જ આવવો જોઈતો હતો. વ્યાયામ કે રમતનો પિરીયડ હોય ત્યારે પાયજામો પહેરીને બહેનોએ આવવું જોઈએ એ તો સામાન્ય સમજની વાત છે.

કયારેક તો એવું પણ લાગે છે કે જો આ જ વંટોળ ચાલુ રહેશે તો જતે દિવસે માધ્યમિકથી ફ્રી ડ્રેસની પ્રથા કાઢી નાંખવાની ફરજ પડશે. સંસ્કારિતા અને ભારતીય સંસ્કૃતિનાં વારસાને ટકાવી રાખવો એ વધુ અગત્યનું છે.

**ઊર્મિલા શાહ**

## સંસ્થાનું ગૌરવ

શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની કુ.ચાંદની પટવાને ગુજરાત રાજ્ય તરફથી ૧૯૯૫-૯૬નો એકલવ્ય એવોર્ડ રોલર સ્કેટીંગ ક્ષેત્રે ઝળહળતી સિધ્ધિ બદલ મળ્યો છે. આ એવોર્ડ રૂ.એક લાખનો હોય છે. બેન ચાંદનીને ખૂબ ધન્યવાદ.

## સંસ્થાકીય સમાચાર

### બાલમંદિર

**રમતોત્સવ :** તા.૯-૧૨-૯૬ ને સોમવારે તાલીમનાં બાળકો માટે રમતોત્સવ યોજાયો. જેમાં વિઘ્નદોડ, સંગીત ખુરશી, બટાટા-વીણ વિ. રમતોની હરીફાઈ યોજાઈ. બાળકોએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો. વિજેતા નિવડનાર બાળકોને પ્રમાણપત્ર આપવામાં આવ્યા.

તા.૧૪-૧૨-૯૬ ને શનિવારે તાલીમનાં બાળકો તથા તા.૨૧-૧૨-૯૬ ને શનિવારે બ વિભાગનાં બાળકો ના - ગાર્ડનનાં પ્રવાસે ગયાં...રમ્યાં, ખેલ્યાં, કૂદયાં ને ખૂબ મઝા માણી.

નાતાલ : તા.૨૬-૧૨-૯૬ ને ગુરુવારના રોજ બાળમંદિરનાં બાળકોએ નાતાલનો ઉત્સવ ઉજવ્યો... નાતાલનાં ગીતો ગાયાં... ખૂબ નાચ્યાં. ચિ.શૌનક રાવળ સાન્તાકલોઝ બન્યો, અને બાળકોને ચોકલેટની ભેટ આપી, વિદ્યાર્થીઓનો આનંદ અપાર હતો.

### શિશુમંદિર

તા.૩૦-૯-૯૬ થી ૪-૧૦-૯૬ ના રોજ ધોરણ ૫,૬,૭ નાં બાળકો માટે જેસલમેરનો પ્રવાસ યોજવામાં આવ્યો. વિદ્યાર્થીનાં વ્યકિતત્વનાં સર્વાંગી વિકાસમાં પ્રવાસ ઘણો મહત્વનો ભાગ ભજવે છે.એને અનુલક્ષીને પ્રવાસ નોંધપોથીની એક સ્પર્ધા યોજવામાં આવી. આ સ્પર્ધામાં નીચે મુજબ વિદ્યાર્થીઓ વિજેતા નિવડ્યાં છે.

| | | |
|---|---|---|
| ધોરણ -૭ | પ્રથમ : | નીલી શાહ |
| | દ્વિતિય : | પાંમિલ શાહ |
| | તૃતીય : | કુંતલ શાહ |
| ધોરણ -૬ | પ્રથમ : | પેલવા નાયક |
| | દ્વિતિય : | શર્વિલ ટંકશાળી ,ઋત્વિત ભટ્ટ |
| ધોરણ -૫ | પ્રથમ : | પલક શાહ |
| | દ્વિતીય : | સુદીપ શાહ ,હર્પિલ નવાબ |

**કલા પ્રતિભા શોધ ચિત્ર સ્પર્ધા :-**

| | | |
|---|---|---|
| ધોરણ -૧ | પ્રથમ : | આત્મન ફોજદાર |
| | દ્વિતીય : | કવિના મુન્શી , અભિજ્ઞ શાહ |
| | તૃતીય : | વંદિત દેસાઈ |
| | આશ્વાસન : | ઉપાસના રાવળ |

દેવસ્યજાની કેરવ.
દેસાઈ , જલજા મહેતા ,
જય શાહ , રાહુલ પંચાલ.

| | | |
|---|---|---|
| ધોરણ -૨ | પ્રથમ : | નીવા શાહ |
| | દ્વિતીય : | પંકિલ શાહ , હર્પિલ શાહ. |
| | તૃતીય : | મૈત્રેય ત્રિવેદી |
| | આશ્વાસન : | રાહી શાહ, નીમા શાહ, ખુશ્બુ શાહ. |
| ધોરણ -૩ | પ્રથમ : | શિવાંગી ટંકશાળી |
| | દ્વિતીય : | ઋજુતા પરીખ |
| | તૃતીય : | વિસ્મય શાહ , પાર્થ દેસાઈ. |
| | આશ્વાસન : | [illegible] |

ધોરણ -૪ પ્રથમ : નિરલ મોદી
દ્વિતીય : વિધિ શાહ, દક્ષ દેસાઈ.
તૃતીય : પાર્થિવ ત્રિવેદી , પલક શાહ.
આશ્વાસન : અનેરી દેસાઈ , ત્વિષાછત્રપતિ,કરિશ્મા મકીમ, જીનાલી ઝવેરી,અનિકેત દેસાઈ, વિધિ ભટ્ટ ,ઋજુતા દેસાઈ , હિના બારોટ.

ધોરણ -૫ પ્રથમ : શૈલ શેઠ
દ્વિતીય : દેવાંશી શેઠ , પ્રતિક શાહ.
તૃતીય : જીમી ભટ્ટ , જીનલ મહેતા.
આશ્વાસન : જીગર છપ્પન , નૂપુર શાહ.

ધોરણ -૬ પ્રથમ : શર્વિલ ટંકશાળી
દ્વિતીય : નિધિ શુકલ , સોનમ શાહ.
તૃતીય : મીનુ જોષી , કૃપા વ્યાસ.

ધોરણ -૭ પ્રથમ : અર્પણ સોપારકર
દ્વિતીય : માનસી નાગોરી,હિરલ પાછીયા
તૃતીય : માનસી પરીખ , દિશા પરીખ.
આશ્વાસન : દર્શિની ભટ્ટ, સ્તુતિ શાહ,જાનકીશાહ.

**આંતરગૃહ સ્પર્ધાઓ :-**

ચેસ સ્પર્ધા : ૧૦-૧૨-૯૬
પ્રથમ : જીલેશ ગાંધી ( ધવલગિરિ )
દ્વિતીય : કામેશ વ્યાસ ( ધવલગિરિ )
તૃતીય : શાલિન શાહ ( ગંગોત્રી )

કેરમ સ્પર્ધા : ૧૧-૧૨-૯૬
પ્રથમ : કુણાલ પટેલ ( મેઘનાદ )
દ્વિતીય : પંકિલ ભટ્ટ ( ગંગોત્રી )
તૃતીય : હિમાની શાહ ( ગંગોત્રી )

ટેબલ ટેનીસ સ્પર્ધા : ૧૧-૧૨-૯૬
પ્રથમ : હર્ષિલ શાહ ( ધવલગિરિ )
દ્વિતીય : રૂચિલ શાહ ( ધવલગિરિ )
આશ્વાસન : અર્પણ સોપારકર ( મેઘનાદ )
અમિત ખત્રી ( મેઘનાદ )

બેડમિંગ્ટન સ્પર્ધા : ૧૬-૧૨-૯૬
પ્રથમ : અમિત ખત્રી ( મેઘનાદ )
દ્વિતીય : પાર્થ જોશી ( ગંગોત્રી )
તૃતીય : રૂચિલ શાહ ( ધવલગિરિ )
આશ્વાસન : હિરલ પાછીયા ( ધવલગિરિ )

અંક સ્પર્ધા : બહેનો :
પ્રથમ : ' જૈન સ્તવન ' ( ધવલગિરિ )
દ્વિતીય : ' ભાઈબેનનાં હેતના ગીતો' ( ગંગોત્રી )
તૃતીય : ' બાળગીતો ' ( મેઘનાદ )
' કૃષ્ણગીતો ' ( રત્નદીપ )
ભાઈઓ : આશ્વાસન :' સુરેશ દલાલના કાવ્યો' ( મેઘનાદ)

સલાડ સ્પર્ધા : ૨૦-૧૨-૯૬
પ્રથમ : રાજીતા મુન્શી ( ગંગોત્રી )
દ્વિતીય : હર્ષિલ શાહ ( ગંગોત્રી )
ઈપ્સિત ત્રિવેદી ( રત્નદીપ )
તૃતીય : કિર્તન વ્યાસ ( ધવલગિરિ )
અમિત ખત્રી ( મેઘનાદ )

શાસ્ત્રીય સંગીત સ્પર્ધા : ૨૩-૧૨-૯૬
પ્રથમ : સાવની દ્વિવેદીયા ( ધવલગિરિ )
દ્વિતીય : શીતલ શાહ ( રત્નદીપ )
મોનીલ દલાલ ( રત્નદીપ )
તૃતીય : પ્રણતિ ભટ્ટ ( ધવલગિરિ )

નિર્ણાયક તરીકે શ્રી જાનકીબેન મિસ્ત્રી તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીની અને વાલી શ્રી અમીબેન ફોજદારે સેવા આપી.

તા.૧૩-૧૨-૯૬ નાં રોજ ધો.૧ થી ૩ નાં વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારનાં કબૂતરો બતાવી તે વિષે માહિતી આપવામાં આવી.
સ્વયંશિક્ષણ દિન : તા. ૨૪-૧૨-૯૬ નાં રોજ વિદ્યાર્થીઓએ સ્વયંશિક્ષણ દિન ઉજવ્યો. વિદ્યાર્થીઓએ આખો દિવસ જાતે જ શિક્ષકની ભૂમિકા ભજવી સફળતાપૂર્વક શાળાનું શૈક્ષણિક કામકાજ હાથ ધર્યું. વિદ્યાર્થીઓનાં ઘડતરમાં આવા આયોજન ઘણો અગત્યનો ભાગ ભજવે છે, તેમનામાં આત્મવિશ્વાસ અને આત્મશ્રધ્ધા પ્રેરે છે.

તા.૨૧-૧૨-૯૬ નાં રોજ ધોરણ -૩ તથા ૪ માટે ક્રિસમસ ટ્રી સ્પર્ધા યોજાઈ. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી તેમની કલાસૂઝનું નિદર્શન કર્યું.

## વિનયમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**અભિનંદન કાર્ડ સ્પર્ધા :** ૨૨-૧૦-૯૬
પ્રથમ : મનન ગોસલિયા ( પદ્મપુકુર )
દ્વિતીય : માનસી નવાબ ( મેઘદૂત )
કાનન વૈદ્ય ( ગીતગોવિંદ )
તૃતીય : જલ્પા રાણપુરા ( પદ્મપુકુર )
શિમોની શાહ ( ચંદ્રમૌલિ )

**રંગોળી સ્પર્ધા :** ૨૯-૧૦-૯૬
પ્રથમ : વિરાજ પંચાલ ( ચંદ્રમૌલિ )
દ્વિતીય : કૌશલ સોપારકર ( ચંદ્રમૌલિ )
તૃતીય : માલવ મહેતા ( પદ્મપુકુર )

**કેરમ સ્પર્ધા :** ૩૦-૧૧-૯૬ તથા ૨-૧૨-૯૬
પ્રથમ : આકાશ શાહ ( મેઘદૂત )
મિલાપ મોદી ( મેઘદૂત )
દ્વિતીય : મલય શાહ ( ચંદ્રમૌલિ )
નિલય શાહ ( ચંદ્રમૌલિ )

**સુગમ સંગીત સ્પર્ધા : ૪-૧૨-૯૬**
પ્રથમ : તપન દવે ( ગીતગોવિંદ )
દ્વિતીય : હેરત ત્રિવેદી ( ગીતગોવિંદ )
કુનુર શાહ ( ગીતગોવિંદ )
તૃતીય : હેલી શાહ ( ચંદ્રમૌલિ )
લિપી શાહ ( પદ્મપુકુર )

**ચેસ સ્પર્ધા : ૯-૧૨-૯૬ , ૧૦-૧૨-૯૬**
પ્રથમ : પાર્થ પટેલ ( પદ્મપુકુર )
દ્વિતીય : બ્રિજેશ શાહ ( મેઘદૂત )

**ટેબલ ટેનિસ સ્પર્ધા : ૧૨-૧૨-૯૬**
પ્રથમ : મૃણાલ શાહ ( પદ્મપુકુર )
દ્વિતીય : અભિષેક વ્યાસ ( પદ્મપુકુર )

**બેડમિંગ્ટન સ્પર્ધા : ૧૮-૧૨-૯૬**
પ્રથમ : રોનક શાહ ( પદ્મપુકુર )
દ્વિતીય : હર્ષ અમીન ( ગીતગોવિંદ )

**સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.**

### પ્રવચન

તા.૨૩-૧૦-૯૬ ને બુધવારે જાણીતા પ્રવાસ લેખિકા તથા કવિયત્રી શ્રી પ્રિતી સેનગુપ્તાનું પ્રવચન યોજાયું. તેમણે તેમના વિવિધ પ્રવાસોની રસપ્રદ માહિતી આપી ને સાથે સાથે પ્રવાસમાંથી જીવનઘડતર કેવી રીતે થાય છે તે અંગે વાતો કરી.

તા.૫-૧૨-૯૬ ને ગુરુવારે અમેરિકામાં વસતાં જાણીતાં શિક્ષણશાસ્ત્રી અને યોગવિદ્યાના જાણકાર શ્રી જગદીશભાઈ દવેએ વિદ્યાર્થીઓને યોગ દ્વારા ધ્યાન કેળવવા અંગેનું રસપ્રદ અને માહિતીસભર પ્રવચન આપ્યું. પ્રવચનની શરૂઆત શ્લોકથી કરી પવિત્ર અને ભાવનામય વાતાવરણની જમાવટ કરી ભારતીય સંસ્કૃતિમાં યોગ એ કેટલું મહત્વનું પરિબળ છે તે સુંદર રીતે સમજાવ્યું.

આ ઉપરાંત તા. ૨૭-૧૨-૯૬ અને ૧૧-૧૨-૯૬ ની બુધવારની બાલસભાની બેઠકોમાં મુ.શ્રી દિનુભાઈએ ફોટોગ્રાફી વિષે ખૂબ માહિતીસભર પ્રવચન આપ્યાં.

## અભિનંદન

ચિત્ર :- યંગ એન્વોયઝ ઈન્ટરનેશનલ ( હૈદ્રાબાદ ) આયોજીત, નેશનલ ચાઈલ્ડ આર્ટ પેનોરમા ૧૯૯૬ ના દસમા ઓલ ઈન્ડિયા ચિત્ર પ્રદર્શનમાં ચિ.વંદિત દેસાઈ , ચિ.શીલ શાહ, ચિ.નીલ શાહ ચિ. ચિનાર શાહ, ચિ. કવિના મુનશી, ચિ. હેલી રાવળ, ચિ. દેવાંગી મુનશી, ચિ. શર્વિલ ટંકશાળી, ચિ. શૈલી ઠાકોર, ચિ.મુંજાલ લાખિયા તથા ચિ. શિવાંગી ટંકશાળી ને ડિપ્લોમા ઓફ ડિસ્ટીંકશનના પ્રમાણપત્રો મળ્યાં છે. ચિ. હેલી રાવળને તથા ચિ. રાજીતા મુનશીને જ્યુરી ગીફટ મળેલ છે. ચિ. આત્મન ફોજદારને સંસ્કૃતિ પુરસ્કાર મળ્યો છે.

ચાઈલ્ડ આર્ટ કલબ નેશનલ કાઉન્સીલ ( હૈદ્રાબાદ ) આયોજીત અંકલ બાબજી ૩૧મી ઓલ ઈન્ડિયા આર્ટ કોમ્પીટીશન ૧૯૯૬માં ચિ. નિરવ રાહુલ ઠાકોરને હાઈલી કમાન્ડેડ સર્ટીફીકેટ મળ્યું છે. આજ સંસ્થાની ૩૦મી ઓલ ઈન્ડિયા આર્ટ કોમ્પીટીશનમાં ચિ. શર્વિલ ટંકશાળીને હાઈલી કમાન્ડેડ સર્ટીફીકેટ તથા ચિ. શિવાંગી ટંકશાળીને સ્ટેટ એવોર્ડ મળ્યો છે.

મૌલાના આઝાદ મેમોરિયલ કમીટી આયોજીત તત્કાલ ચિત્ર સ્પર્ધામાં ચિ. નિરવ રાહુલ ઠાકોરને ચિ. શર્વિલ ટંકશાળીને અને ચિ. શિવાંગી ટંકશાળીને આશ્વાસન ઈનામ મળ્યાં છે.

એનાગ્રામ ફાઈનાન્સ લિમિટેડ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ. કવિના મુનશીને સ્પેશીયલ આશ્વાસન ઈનામ મળ્યું છે.

ગુજરાત સિધ્ધિ સિમેન્ટ લિમિટેડ આયોજીત તત્કાલ ચિત્ર સ્પર્ધામાં ચિ. સ્નેહા કે. પટેલને પ્રથમ ઈનામ મળ્યું છે.

ક્ષિતિજ આયોજીત ઓલ ઈન્ડિયા આર્ટ એકઝીબીશન -૯૬ ( હરિયાણા )માં ચિ. નિરવ રાહુલ ઠાકોરને મેરીટ સર્ટીફીકેટ મળેલ છે.

વિશાખાપટ્ટનમ લલિત કલા પરિષદ દ્વારા આયોજીત ૧૫મી ઓલ ઈન્ડિયા ચિલ્ડ્રન આર્ટ કોમ્પીટીશનમાં ચિ. શર્વિલ ટંકશાળીને તથા ચિ. શિવાંગી ટંકશાળીને સુવર્ણચંદ્રક મળ્યાં છે.

મુંબાઈની યંગ ઈન્ડીયન્સ નેશનલ ડ્રોઈંગ એન્ડ પેઈન્ટીંગ કોમ્પીટીશનમાં ચિ.શર્વિલ ટંકશાળીને સુવર્ણચંદ્રક તથા ચિ. શિવાંગી ટંકશાળીને રૌપ્યચંદ્રક મળ્યો છે.

હૈદ્રાબાદની વિજય ઈન્ફરમેશન ગાઈડન્સ સેન્ટર ફોર ફાઈન આર્ટ એજ્યુકેશનની સ્પર્ધામાં ચિ. શિવાંગી ટંકશાળીને સુવર્ણચંદ્રક તથા ચિ. શર્વિલ ટંકશાળીને દ્વિતીય ઈનામ મળ્યું છે.

અમદાવાદ મેડિકલ એસોશીયેશન દ્વારા આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ. શર્વિલ ટંકશાળીને દ્વિતીય અને ચિ. શિવાંગી ટંકશાળીનેપ્રથમ ઈનામ મળ્યાં છે.

પાલનપુરની સેન્ટર ઓફ ઈન્ડીયન કલ્ચર દ્વારા આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ. શર્વિલ ટંકશાળીને કાંસ્યચંદ્રક અને ચિ. શિવાંગી ટંકશાળીને મેરીટ સર્ટીફીકેટ મળ્યાં છે.

કલકત્તાની ચિલ્ડ્રન્સ લીટલ થીયેટર દ્વારા આયોજીત ૩૫મી ઓલ ઈન્ડિયા ચિલ્ડ્રન્સ આર્ટ એકઝીબીશનમાં ચિ. શિવાંગી ટંકશાળીને ગોપાલદાસ ગુપ્તા મેમોરિયલ એવોર્ડ મળ્યો છે.

વેસ્ટબેંગાલની શંખા સંસ્થા દ્વારા આયોજીત ઓલ ઈન્ડિયા ચિલ્ડ્રન આર્ટ કોમ્પીટીશનમાં ચિ. શિવાંગી ટંકશાળીને રૌપ્યચંદ્રક મળ્યો છે.

એલ.આઈ.સી. ની ૪૦મી વર્ષગાંઠ નિમિત્તે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ચિ. શિવાંગી ટંકશાળીને મેરીટ સર્ટીફીકેટ મળ્યું છે.

**નિબંધ :** ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન કેન્દ્ર તરફથી યોજાયેલ નિબંધ સ્પર્ધામાં ચિ. કાનન વૈદ્યને પ્રથમ ઈનામ મળ્યું છે.

**ચેસ :** જલતરંગ કલબમાં અમદાવાદ ચેસ એકેડમી આયોજીત ચેસ ટુર્નામેન્ટમાં ચિ. જીલેશ ગાંધી પ્રાયમરી ગ્રુપમાં પ્રથમ આવ્યા છે. ચિ. સાગર પારેખને સાતમું ઈનામ મળ્યું છે.

સૂર્યા ટ્રોફી વડોદરા આયોજીત ચેસ ટુર્નામેન્ટમાં ચિ. જીલેશ ગાંધીને ઈનામ મળ્યું છે. ઉપરાંત ગુજરાત ચેસ એકેડમી તરફથી યોજાયેલ ચેસ ટુર્નામેન્ટમાં પણ ચિ. જીલેશ ગાંધીને ત્રીજું સ્થાન મળ્યું છે.અને ત્યારબાદ તે નેશનલ લેવલ પર પણ કાલીકટ ખાતે ચેસ રમવા પસંદગી પામ્યો હતો.

સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.

**ચિત્ર પરીક્ષા :** ૧૯૯૬માં રાજ્ય પરીક્ષા બોર્ડ તરફથી લેવાયેલ પ્રાથમિક કક્ષાની ચિત્ર પરીક્ષાનું શાળાનું પરિણામ ૧૦૦ % તથા માધ્યમિક કક્ષાનું શાળાનું પરિણામ ૯૦.૯% આવ્યું છે.

**સૂચના: આંખો આવવી,લાપોટીયું,ઓરી,અછબડાં જેવાં ચેપી રોગવાળા બાળકોને શાળામાં ન જ મોકલવાં.**

### શ્રધ્ધાંજલિ :

બાળમંદિર બ વિભાગનાં ભાઈ શાલિન સુરેશભાઈ જોષીનાં તા.૧૫-૧૧-૯૬ ના રોજ થયેલ અકાળ અવસાનની નોંધ લેતા ભારે દુઃખની લાગણી અનુભવું છું. ઈશ્વર સદ્ગતનાં આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

તંત્રી ,મુદ્રક,પ્રકાશકઃ **દિનુભાઈ દવે**, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.